# માવઠાંથી થયેલ પાક નુકશાની માટે સહાય પેકેજ જાહેર

**રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૨,૬૦૦ પ્રતિ હેક્ટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૩૦,૬૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવાશે**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક મળી હતી. કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજયના રાજકોટ, જૂનાગઢ, બનાસકાંઠા, અરવલ્લી, તાપી, પાટણ, સાબરકાંઠા, સુરત, કચ્છ, અમરેલી, જામનગર, ભાવનગર અને અમદાવાદ એમ ૧૩ જિલ્લાના ૪૮ તાલુકામાં પાક નુકશાની અંગેનો અહેવાલ મળ્યો હતો. જેમાં વહીવટી તંત્રએ કરેલા આંકલન તેમજ ખેડૂતો, ખેડૂત સંગઠનો અને જન પ્રતિનિધિઓની રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના આધારે રાજ્ય સરકારે ખેડૂતોને મદદરૂપ થવા માટે SDRF ધોરણો ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય બજેટમાંથી ટોપ-અપ સહાય દરોમા અત્યાર સુધીનો સર્વોચ્ચ વધારો કરી વિશેષ રાહત જાહેર કરાઈ છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ઘઉં, ચણા, રાઈ, કેળ, પપૈયાં વગેરે જેવા ખેતી અને વર્ષાયું બાગાયતી પાકો માટે જીઢ્ઢઈહ્લના ધારાધોરણો મુજબ પ્રતિ હેક્ટર રૂ.૧૩,૫૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી અત્યારસુધીની સૌથી વધુ એવી વધારાની રૂ.૯,૫૦૦ પ્રતિ હેક્ટર સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૨૩,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે આંબા, લીંબુ, જામફળ જેવા બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકશાનના કિસ્સામાં SDRFના નોર્મસ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૧૮,૦૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૨,૬૦૦ પ્રતિ હેક્ટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૩૦,૬૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે.

આ પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨ સહિતના જરૂરી સાધનિક પુરાવા સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

# પાવાગઢમાં ઘુમ્મટ ધરાશાયી : ૧૦ ઘાયલ

**પાવાગઢના માચીમાં દુર્ઘટનામાં મહિલાનું મોત : આ બનાવની જાણ થતાં ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો**





પાવાગઢ, તા.૪

યાત્રાધામ પાવાગઢના માચી ખાતે દુર્ઘટના સર્જાઈ છે. અહીં પથ્થરથી બનાવેલો ઘુમ્મટ ધરાશાયી થતાં એક મહીલાનું મોત થયું છે. જ્યારે ૨ બાળકો અને ૩ મહિલાઓ સહિત ૧૦ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તો આ બનાવની જાણ થતાં સ્ન્છ જયદ્રથસિંહ પરમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો

પાવાગઢના માચી ખાતે યાત્રાળુઓના વિશ્રામ માટે પથ્થરની કુટિર બનાવામાં આવી છે. ત્યારે આજે બપોરના સમયે વરસતા વરસાદથી બચવા કેટલાક યાત્રાળુઓ વિશ્રામ માટે અહીં રોકાયા હતા. આ સમયે અચાનક ઘુમ્મટ ધરાશાયી થયો હતો. ભારે ભરખમ પથ્થરો કેટલાક શ્રદ્ધાળુઓ પર પડ્યા હતા. આ દુર્ઘટના બાદ લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. જે બાદ સ્થાનિકો દ્વારા ભારેખમ પથ્થરો ઉઠાવી યાત્રિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ અંગેની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જે બાદ ઈજાગ્રસ્તોને ખાનગી વાહનો તથા ૧૦૮ મારફતે હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં એક મહિલાનું મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. તો ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે, ઈજાગ્રસ્તોમાં ૨ બાળકો અને ૩ મહિલાઓ પણ સામેલ છે. હાલ આ અંગેની જાણ થતા MLA જયદ્રથસિંહ પરમાર પણ ઘટના સ્થળે દોડી આવ્યા છે.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ભારતીય ઈજનેરોને જાપાન ટ્રેનિંગ આપશે

**૨૦ જાપાનીઝ નિષ્ણાતો દ્વારા ૧૦૦૦થી વધુ ભારતીય ટેકનિશિયનને તાલીમ આપવામાં આવશે**

અમદાવાદ, તા.૪

ભારતમાં છેલ્લા ઘણા સમયથી બુલેટ ટ્રેન પર કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે જાપાનની રેલવે ટેકનિકલ સર્વિસિસ મદદ કરી રહી છે. જાપાન રેલ્વે ટેક્નિકલ સર્વિસિસના ૨૦ નિષ્ણાતોની ટીમ મુંબઈ-અમદાવાદ HSR કોરિડોરના T-2 ૨૩૭ કિમી વાપી-વડોદરા પેકેજ માટે હાઈ-સ્પીડ રેલ ટ્રેક તૈયાર કરવા માટે ૧૦૦૦ ભારતીય એન્જિનિયરો અને ટેકનિશિયનને તાલીમ આપી રહી છે. જાપાનની કંપની બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ લાંબા સમય સુધી ટ્રેકને કાર્યક્ષમ બનાવવા માટે બેલાસ્ટ વિના સ્લેબ ટ્રેક બનાવવાની ટેક્નોલોજી પર કામ કરી રહી છે. ટ્રેક બનાવવા માટે જાપાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટ્રેક બનાવવાની જગ્યાએ માત્ર પ્રશિક્ષિત અને પ્રમાણિત એન્જિનિયરો/ટેકનિશિયન જ કામ કરશે. જાપાન રેલ્વે ટેકનિકલ સર્વિસીસ શિંકનસેન એચએસઆર ટેક્નોલોજીના ટ્રાન્સફરમાં પણ મદદ કરશે. રેલ્વે ટ્રેક HSR ટેક્નોલોજી સિસ્ટમથી જ બનાવી શકાય છે. આને બનાવવા માટે, ઉચ્ચ સ્તરની સાથે, ચોકસાઈ પણ જરૂરી છે, જે શિંકનસેનને જ આપવામાં મદદ કરશે. જાપાની કંપની ૧૫ અલગ-અલગ ટ્રેક પર કામ કરી રહી છે. નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર રાજેન્દ્ર પ્રસાદે જાપાની કંપની વતી જણાવ્યું હતું કે, ભારતીય એન્જિનિયરો અને ટેકનિશિયનો માટે જાપાનીઝ હાઈ સ્પીડ રેલ ટ્રેક સ્લેબ સિસ્ટમ ટેક્નોલોજી શીખવાની આ એક સુવર્ણ તક છે. આ પ્રોજેક્ટમાં ૨૦ જાપાનીઝ નિષ્ણાતો દ્વારા ૧૦૦૦થી વધુ ભારતીય એન્જિનિયરો અને ટેકનિશિયનને તાલીમ આપવામાં આવશે. જ્યારે મુંબઈ, થાણે, વિરાર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, કાલુપુર, અમદાવાદ અને સાબરમતી ૧૨ સ્ટેશન હશે. અમદાવાદ-મુંબઈ વચ્ચે ૫૦૮ કિલોમીટરનું અંતર રહેશે, જેમાંથી ૧૩૩ કિલોમીટર થાંભલાઓ ઉભા કરવામાં આવી રહ્યા છે. જેના ઉપર બુલેટ ટ્રેન દોડશે. ૨૧ કિમી અંડરગ્રાઉન્ડ અને ૭ કિમી અંડર વોટર ટ્રેક પણ હશે.

# સુરતમાં ૨૭૦૦ કરોડના જીએસટી ચોરીનો મુખ્ય આરોપી ઝડપાયો

**ખોટા દસ્તાવેજના આધારે બોગસ પેઢી ખોલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી : આ મામલે અત્યાર સુધી કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, કરોડોની જીએસટી ચોરી કઈ જગ્યાએ વાપરી તે બાબતે તપાસ**

સુરત, તા.૪

દેશના સૌથી મોટા જીએસટી ચોરની સુરત ઈકો સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સુરત શહેર ઈકો સેલે સુફિયાન કાપડિયાની ધરપકડ કરી છે. સુફિયાનની ૨૭૦૦ કરોડની જીએસટી ચોરી મામલે ધરપકડ કરવામાં આવી છે. તેણે ખોટા દસ્તાવેજના આધારે બોગસ પેઢી ખોલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હતી. આ મામલે અત્યાર સુધી કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કરોડોની જીએસટી ચોરી કઈ જગ્યાએ વાપરી તે બાબતે તપાસ ચાલુ છે. જીએસટી ચોરીની શરૂઆત આ વ્યક્તિ કરી હતી.

ઓક્ટોબર ૨૦૨૨માં ઈકોસેલ દ્વારા જીએસટી વિભાગને સાથે રાખીને ગુજરાતમાં અલગ અલગ એકસાથે છ જગ્યા ઉપર દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૬ શહેરોમાં દરોડા પાડયા હતા. તે દરમિયાન એક સાથે ૧૪ જેટલા લોકોની ધરપકડ ઈકો સેલ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઈકો સેલ દ્વારા પકડાયેલા આરોપીઓની પૂછપરછ અને તપાસ દરમિયાન અન્ય ચાર આરોપીઓ સાથે કુલ ૧૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.ઈકો સેલ દ્વારા તપાસ કરતા સામે આવ્યું હતું કે, બોગસ જીએસટી બિલિંગ કૌભાંડમાં ૨,૭૦૦ કરોડ જેટલા ટ્રાન્જેકશન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખોટી રીતે ઉભી કરવામાં આવ્યું હોય તે પ્રકારની ૧૫૦૦ જેટલી કંપનીઓ પોલીસના ધ્યાને આવી હતી. આ ૧૫૦૦ કંપનીઓની તપાસ કરતા સામે આવ્યુ હતુ કે, તેમાંથી ૧૩૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં રજિસ્ટર કરવામાં આવી છે અને અન્ય ૨૫૦ કરતાં વધારે જે કંપનીઓ હતી. તે ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં રજિસ્ટર કરવામાં આવી હતી. આ તમામ કંપનીઓ સાથે મળીને કુલ ૨૭૦૦ કરોડ જેટલા ટ્રાન્જેકશન બોગસ બિલ્ડિંગમાં કરવામાં આવ્યા હોવાનું પોલીસના ધ્યાન પર આવ્યું હતું. ખોટી રીતે ૨૭૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્જેક્શન કરીને આરોપી દ્વારા ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી હતી. આ કૌભાંડના બે મુખ્ય સૂત્રધારો ઉસ્માન અને મૂર્શીદ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતાં. આ બંને આરોપી આખું કૌભાંડ ભાવનગર અને સુરતથી ઓપરેટ કરતા હતા.

ત્યારે બોગસ બીલિંગ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર સૂફીયાન પોલીસ પકડથી દૂર હતો, પરંતુ હવે સુફિયાનની પણ ધરપકડ ઈકો સેલ દ્વારા કરવામાં આવી છે. સૂફીયાન કાપડિયાની વાત કરવામાં આવે તો પોલીસની તપાસ દરમિયાન કૌભાંડમાં જે સૌ પ્રથમ આઠ પેઢી બોગસ મળી આવી હતી, તે પેઢીઓની તપાસ કરતાં ૨૭ અન્ય બોગસ પેઢીઓ પણ મળી આવી હતી. આ ૨૭ પેઢીમાંથી ગણેશ એન્ટરપ્રાઈઝ અને ગોપી એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં આરોપીએ બોગસ બીલિંગ કર્યું હતું. આ ઉપરાંત આરોપીએ અમદાવાદમાં ટેક્સ કન્સલ્ટન્ટ તરીકેનું કામ કરતા ધર્મેશ ગાંધી સાથે મળીને ૯૦૦ કરોડ રૂપિયાના ફેક બીલિંગ જનરેટ કર્યા હતા. આ ઉપરાંત ઈકો સેલને એવી પણ માહિતી મળી છે કે, આરોપી સુફિયાન કાપડિયા દ્વારા સુરતમાં કેમિકલ અને સ્ક્રેપની કંપનીઓને પણ બોગસ બીલિંગ કરીને મોકલ્યા હતા.

## નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટનો આઈપીઓ ૯મીએ ખૂલશે

અમદાવાદ, તા. ૪

૧૭ બેસ્ટ-ઈન-ક્લાસ ગ્રેડ એ અર્બન કન્ઝમ્પ્શન સેન્ટર્સ, બે કોમ્પ્લિમેન્ટરી હોટલ એસેટ અને ત્રણ ઓફિસ એસેટ ધરાવતી ભારતનાં સૌથી મોટા કન્ઝમ્પ્શન સેન્ટર (સ્રોતઃ CBRE રિપોર્ટ, કમ્પ્લિટેડ એરિયા પ્રમાણે) પોર્ટફોલિયોની માલિક નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટ ૯ મે ના રોજ રૂ. ૩૨૦૦ કરોડનો આીપીઓ લાવી રહી છે. વિનફોર્ડ ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ (બ્લેકસ્ટોન ફન્ડસનો પોર્ટફોલિયો) નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટની સ્પોન્સર છે અને નેક્સસ સિલેક્ટ મોલ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ મેનેજર છે. જ્યારે એક્સિસ ટ્રસ્ટી સર્વિસિસ લિમિટેડ ટ્રસ્ટી છે.

પબ્લિક ઓફરમાં રૂ. ૧૪૦૦ કરોડ (“ફ્રેસ ઈશ્યુ”) સુધીનાં યુનિટ્સનાં ફ્રેસ ઈશ્યુઅન્સ અને સોલિંગ યુનિટધારકો દ્વારા રૂ. ૧૮૦૦ કરોડનાં યુનિટ વેચાણની ઓફર (‘ઓફર ફોર સેલ’ અને ફ્રેશ ઈશ્યુ સાથે ‘ઓફર’)નો સમાવેશ થાય છે.

ઓફર માટેની પ્રાઈસ બેન્ડ પ્રતિ યુનિટ રૂ. ૯૫ થી રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર ગુરૂવાર, ૧૧ મે નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર પિરિયડ બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક દિવસ પહેલાં એટલે કે ૮ મે રહેશે.

### ૨૯ મીમી વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ નોંધાયો છે. ક્યારેક ભારે પવન અને કરાં સાથે તો ક્યારેક ઝાપટારૂપે કમોસમી વરસાદ શહેરના ઘણા વિસ્તારોમાં પડ્યો હતો. છેલ્લા બે માસ દરમ્યાન લગભગ એક ઈંચથી વધુ એટલે કે ૨૯ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીથી વધ્યુ નથી. છેલ્લા કેટલાક દિવસોથી તો મહત્તમ તાપમાન ૩૭-૩૮ ડિગ્રી જેટલુ જ નોંધાઈ રહ્યુ છે.

### મુલત્વી રખાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં પણ રહેલા પશુઓની ઓળખ માટેની ચીજવસ્તુઓ પુરી પાડવાની દરખાસ્તને આજે મંજૂરી આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં કેટલા પશુ પાલકો છે અને તેમની પાસે કેટલા પશુ છે તેની ચોક્કસ વિગતો પણ મેળવવામાં આવી રહી હોવાનું તેમણે કહ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે આજની બેઠકમાં રૂ. ૫૩ કરોડથી વધુ મૂલ્યના ટેન્ડરોને આખરી કરી મંજૂરી આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા મનપાને ફાળવવામાં આવેલ આંગણવાડી કેન્દ્રોને પગલે આઈ.સી.ડી.એસ. શાખામાં પ્રોગ્રામ ઓફિસરની જગ્યા ઉભી કરવા સહિતના માળખાને મંજૂરી આપવામાં આવી છે.

### ફેઈલ થાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલકોનો આત્મવિશ્વાસ ડગી જતા ઘણાને સફળતા મળતી નથી. જયારે રિવર્સ એસ અને બોક્સ પાર્કીંગમાં પણ કાર ચાલકોને મેળ આવતો નથી. સમય વધુ લેવાની સાથે ડિવાઈડર સાથે પણ કાર અથડાઈ જતી હોવાના કિસ્સા વિશેષ ધ્યાને આવે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ફોર વ્હીલરના લાયસન્સ માટે ૩૩૮૨૨ વાહનચાલકોએ ટેસ્ટ આપ્યો હતો. જેમાંથી માંડ ૨૨૮૦૮ કારચાલકો જ પાસ થયા છે. અલબત્ત પાસિંગ રેશિયો ૬૭.૪૩ ટકા જ છે. પાસ થયેલા અરજદારોને લાયસન્સ પણ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જો કે આ પૈકી ૧૧૦૧૪ વાહનચાલકો નાપાસ થયા હતા. જેના લીધે લાયસન્સ મેળવવા માટે તેમણે ફરીવાર આ કસોટી આપવાની રહેશે. જો કે આર ટી ઓ કચેરીની આ લાયસન્સ મેળવવા માટેની કસોટી વાહનચાલકો માટે મુશ્કેલ પુરવાર થઈ રહી છે. ત્યારે નગરમાં ટેસ્ટીંગ ટ્રેક પણ ઉપલબ્ધ છે. જેમાં પ્રેકટીસના અંતે ફાવટ મેળવી લાયસન્સ મેળવવાનુ પણ વાહનચાલકો માટે સરળ બને છે.

### ૧૪૦ બસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાબરકાંઠા, પાટણ બરોડા અને મહેસાણા સહીતના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ જશે જયારે આ પરીક્ષાર્થીઓને યોગ્ય સમયે વાહન સેવા મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી શનિવાર અને રવિવારના દિવસે પરીક્ષાર્થીઓને અનુલક્ષી ડેપો કક્ષાએથી અંદાજિત ૧૪૦ જેટલી બસોનુ સંચાલન કરવામાં આવશે. જયારે ગાંધીનગરમાં પરીક્ષામાં હાજરી આપવા આવતા પરીક્ષાર્થીઓને પણ કોઈ તકલીફ ન પડે તે માટે પણ બસો દોડાવાશે.

### ભંગાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોદકામ બાદ યોગ્ય પુરાણના અભાવે વરસાદી દિવસોમાં માટી પોલાણ થવાના લીધે પણ રહીશો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થાય છે. સેકટરવાસીઓ આંતરિક વિસ્તારમાં સતત થતા ખોદકામથી પણ તોબા પોકારી ગયા છે. જયારે આડેધડ ખોદકામ દરમિયાન હયાત લાઈનને નુકશાન થાય છે કે કેમ તેની પણ પરવા કરવામાં આવતી નથી. જેના લીધે સેકટરોમાં હાલ સપ્લાયના ઉપયોગમાં લેવામાં આવતી હયાત લાઈનમાં પણ ભંગાણ થવાના લીધે લીકેજીસની સમસ્યા ઉદભવે છે. આવા સંજોગોમાં પાણીનો બગાડ પણ થાય છે તેમજ સપ્લાય પણ પ્રભાવિત થાય છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જયારે આ સ્થિતિ વચ્ચે પાણીનો બગાડ ન થાય તે પણ અનિવાર્ય છે. સે-૨૭ માં પણ છેલ્લાં પાંચ દિવસથી પાણીની લાઈનમાં લીકેજીસ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન સેકટરના ગાયત્રીનગર વિસ્તારમાં લાઈનમાં ભંગાણ થતા લાઈનમાં લીકેજ ચાલુ થયુ છે. જયારે આ લીકેજનુ છેલ્લા પાંચ દિવસથી નિરાકરણ આવ્યુ નથી જેના લીધે રોજબરોજ સપ્લાય વેળાએ પાણીનો બગાડ થતો હોવાનુ પણ સ્થાનિકો જણાવી રહ્યા છે. સેકટરમાં પ્લોટ નં ૩૯૬ પાસે પાણીની લાઈન તોડી નાંખવામાં આવી છે. આ લીકેજીસને ડામવાનુ કામ પણ પાણી પુરવઠા તંત્ર દ્વારા કરવામાં આવતુ નથી જેના લીધે છેલ્લા પાંચ દિવસથી રોજબરોજ પાણીનો બગાડ થાય છે. ઉનાળાની ગરમીમાં એકબાજુ સેકટરોમાં પુરતો સપ્લાય મળી રહે તે માટે મુખ્યમંત્રી સુધી રજુઆત થઈ છે. જયારે પાણીનો બગાડ પણ અટકે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં નવી લાઈન નાંખવાની કામગીરીમાં બેદરકારી દાખવીને હયાત લાઈનમાં ગાબડુ પાડવામાં આવતા પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

### હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી પાસે મદદ માંગી હતી. મેરી કોમે મોડી રાત્રે ટ્વિટ કર્યું હતું અને કહ્યું હતું કે મારું રાજ્ય મણિપુર સળગી રહ્યું છે. કૃપા કરીને મદદ કરો. આ ટ્વીટમાં તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને ટેગ કરીને મણિપુર ફાટી નીકળેલી હિંસાના ફોટો શેર કર્યા હતા.

### ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની વિરુદ્ધ જુબાની આપતા લોકોને ધમકી આપી. અનિલ દુજાના ગૌતમ બુદ્ધ નગરના દાદરી વિસ્તારના દુજાના ગામનો રહેવાસી હતો. તે છેલ્લા લગભગ ૩ દાયકાથી ક્રાઈમની દુનિયામાં સક્રિય હતા. અનિલ દુજાના વિરુદ્ધ ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ અને દિલ્હી-એનસીઆરના અલગ-અલગ જિલ્લામાં લગભગ ૫૦ કેસ ચાલી રહ્યા છે. જેમાં હત્યા, લૂંટ,ખંડણી, ધમકી, ગેંગસ્ટર એક્ટ અને એનએસએ હેઠળ કેસ ચાલી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મેરઠમાં યુપી એસટીએફ અને અનિલ દુજાના બેંક વચ્ચે સીધો ટક્કર જોવા મળી હતી. જેમાં બંને તરફથી ક્રોસ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

### એક્ટ લાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યા છે જેમ કે હેકિંગ ઉપરાંત કેટફિશિંગ, ડૉક્સિંગ, સાઈબર સ્ટોકિંગ, સાઈબર ટ્રોલિંગ, ગેસ લાઈટિંગ વગેરે.

નવા એક્ટમાં પ્રાઈવસીનું ઉલ્લંઘન કરનારા ઉપકરણો જેમ કે સ્પાય કેમેરો, ચશ્મો, પહેરવા લાયક ટેક્નોલોજી વગેરે પર કડક નજર રખાશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બાળકોની પ્રાઈવસી અને સુરક્ષા, ગેમિંગ અને બેટિંગ એપનો સામનો કરવાની જોગવાઈ કરવામાં આવી શકે છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ફેક ન્યૂઝ ઉપર પણ સકંજો કસાશે.

### ડ્રોનથી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોદુકીને ઓનલાઈન વીડિયો જારી કરીને કહ્યું કે, આ હુમલામાં ૨૩ લોકોના મોત થયા અને ૪૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે, રશિયાના હુમલામાં અગાઉ નષ્ટ થયેલ પાવર ગ્રિડ રિપેરિંગનું કામ કરી રહેલા ત્રણ એન્જીનિયરના પણ ડ્રોન હુમલામાં મૃત્યુ થયા છે.

સીએનએનના અહેવાલો અનુસાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેંસ્કીએ કહ્યું કે, આવા પ્રકારનો ઘટનાઓને અંજામ આપવા અમારી પાસે જરુરી હથિયારો નથી.

ઝેલેંસ્કીએ કહ્યું કે, અમે અમારા ક્ષેત્રમાં લડીએ છીએ, અમે અમારા ગામો અને શહેરોનું રક્ષણ કરી રહ્યા છીએ. આ માટે અમારી પાસે જરુરીયાત મુજબ હથિયારો નથી, તેથી અમે કોઈ અન્ય જગ્યાએ હથિયારોનો ઉપયોગ કરતા નથી. આવી રીતે હથિયારોનો ઉપયોગ અમારા માટે નુકસાનકારક છે. અમે હથિયારોનો ખોટો ઉપયોગ ન કરી શકીએ.

### આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં બે આતંકીઓ માર્યા ગયા હતા. મળતી માહિતી મુજબ આ સમયે ઘાટીમાં ઘણા આતંકી સંગઠનો સક્રિય છે. જેને ખતમ કરવા માટે સુરક્ષા દળો સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. તાજેતરમાં આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાના કાફલાને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં ૫ જવાન શહીદ થયા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટનાની જવાબદારી આતંકવાદી સંગઠન પીપલ્સ એન્ટી ફાસિસ્ટ ફ્રન્ટએ લીધી હતી. આ ઘટના પહેલા જમ્મુના બહાર વિસ્તાર સિધરામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી.

મળતી માહિતી મુજબ આ અથડામણમાં ૩ આતંકીઓ માર્યા ગયા હતા. સૈન્ય અધિકારીના જણાવ્યા અનુસાર તેમને વિસ્તારમાં ૨-૩ આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી. જે બાદ સર્ચ ઓપરેશન હાથ ધરીને ત્રણેય આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. વાસ્તવમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને ખતમ કરવા માટે ઓપરેશન ઓલ આઉટ શરૂ કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના કેટલાક આતંકવાદી જૂથો તરફથી હુમલાની ધમકીઓ વચ્ચે જમ્મુ અને કાશ્મીર પોલીસે શ્રીનગરમાં આગામી ૮૨૦ બેઠક માટે મજબૂત સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરી છે.